# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૮

સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧૦.૦૦,૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૩૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ :૧૧.૧૫,૨.૩૦,૧૦.૩૦
એજન્ટ વિનોદ : ૫.૩૦
બ્લડ મની : ૮.૩૦

**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧૦.૩૦
બ્લડ મની : ૧૨.૧૫, ૫.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૭.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૮.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯. ૩૦
વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) : ૧૨.૦૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૮.૧૫, ૧૧.૧૫, ૫.૪૫, ૯.૦૦
કહાની : ૨.૩૦

**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦
કહાની : ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

હાઉસ ફુલ ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મમી સિંદબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ :** કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન :** વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક :** માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ :** વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા :** કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા :** નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક :** સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન :** સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર :** માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ :** રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન :** આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. બબાજી મોતીજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ. આમજા , તા. કલોલ, જિ. ગાંધીનગર
- સ્વ. મગનભાઈ ગોવાભાઈ દેસાઈ (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૧૨૫૩/ ૨, સેક્ટર- ૪/સી, ગાંધીનગર
- સ્વ. જશીબેન અમૃતલાલ પરમાર (ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૧૨૨૯/ ૨, સેક્ટર- ૪/સી, ગાંધીનગર

# જાયન્ટસ ગ્રૃપ ઑફ ગાંધીનગર દ્વારા મૂક-બધિર બાળકોનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૯

જાયન્ટસ ગ્રૃપ ઓફ ગાંધીનગરે સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, સેકટર-૨૮ના બાળકોનો મોટી લકઝરી બસ દ્વારા વિસનગર-ઊંઝા માર્ગ પર આવેલ તિરૂપતિ નેચરલ પાર્કનો પ્રવાસ યોજયો હતો. આ સંસ્થાના બાળકો અને શિક્ષકો સહિત ૫૫ની સંખ્યા અને જાયન્ટસ ગૃપના પદાધિકારીઓ સાથે કુલ ૫૮ વ્યકિતઓ પ્રવાસમાં સામેલ થયા હતાં

બહેરાં મૂંગા બાળકોને તિરૂપતિ નેચરલ પાર્કમાં સવારે ૯.૧૫ કલાકે લઈ જવામાં આવ્યાં હતાં. આ પાર્કમાં બાળકોને રીવર બોટીંગ કરાવ્યું હતું. પ્રવાસમાં જોડાયેલાં બહેરાં-મૂંગાં બાળકોન જીવનમાં આ બોટીંગ કરવાનો સૌ પ્રથમ અનુભવ હોવાથી બાળકો અતિ આનંદ અનુભવતાં હતાં. તથા બાળકોને ફેમીલી ટ્રેઈનમાં બેસાડવામાં આવ્યા હતાં, બાળકો ટ્રેઈન ઉપડી ત્યારે સુંદર અવાજ સાથે પ્લેટફોર્મ પર અન્ય ઉભેલા બાળકોને આવજો-આવજો કહીને આનંદ માણતા હતાં.

પાર્કમાં રીવર ફ્રન્ટ વિભાગમાં બાળકો માટે લેટેસ્ટ રાઈડસ હતી. બાળકોએ ખૂબ જ આનંદ સાથે તમામ રાઈડસમાં બેસીને લાભ લીધો હતો. બાળકોને પાર્કના અન્ય વિભાગમાં લઈ જવાનું કહેવામાં આવતું હતું ત્યારે બાળકો તેમના ઈશારાથી સમજાવતાં હતાં કે હજુ એમને આ વિભાગમાં રમવા દો. આથી સ્કૂલના પ્રિન્સીપાલ બાળકોના આનંદને વશ થઈ વધુ ૨૦ મિનિટ આ વિભાગમાં રોકાવાનો નિર્ણય કર્યો હતો.

પાર્કમાં બાળકોને ૧૦-૩૦ કલાકે ભૂખ લાગી હોવાના અહેસાસ થતાં બાળકોને શ્રી ગિરીશકુમાર શિવદાસ પટેલ, ચાંદીસણાવાળા તરફથી તેમના પુત્ર સંકેત મારફત ક્રિમવાળા પાર્લે બિસ્કિટીના પેકેટ સદભાવ સાથે આપવામાં આવ્યાં હતાં. ૧૦-૩૦ કલાકે ગરમીનો અનુભવ થવાથી બધાં જ બાળકોને સફેદ કેપ (ટોપી) જાયન્ટસ ગૃપના પ્રમુખશ્રી સાંકાભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી. પાર્કમાં ૫૮ની સંખ્યામાં બાળકોને અને અન્ય કાર્યકરો સફેદ કેપ પહેરીને હરતા ફરતા જણાતાં હતાં ત્યારે આ પ્રવાસને ઉત્તમ કક્ષાનો પ્રવાસ છે એવું પાર્કના સંચાલકો પોતે જ સ્વમુખે જણાવતાં હતાં. ઠંડા પાણીની બોટલોની વ્યવસ્થા શ્રી ગિરીશભાઈ અમૃતલાલ પટેલ આજોલવાળાએ કરી આપી હતી. નાસ્તો વગેરે પતાવ્યા બાદ બાળકોએ પંખીઘર અને માછલીઘરની મુલાકાત લીધી હતી. પ્રવાસ દરમિયાન બાળકો ખૂબ જ ખૂશ હોવાનો અહેસાસ થતો હતો.

નેચરલ પાર્કમાંથી ૧૧.૩૦ કલાકે નીકળીને ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે દર્શન કરવા માટે નીકળ્યા હતા. ઊંઝા ઉમિયા માતાજીનં દર્શન કરીને ઉમિયા ભોજનાલયમાં બધાં જ બાલકોને અલગ વ્યવસ્થમાં સુંદર ભોજન છાશ સાથે જમાડીને ૧-૦૦ કલાકે ઊંઝાથી ગાંધીનગર પરત આવવા નીકળ્યા હતાં, બપોરે ૨-૪૫ કલાકે બાળકોને સંસ્થામાં પરત લાવવામાં આવ્યા હતાં. બાળકો જયારે બસમાંથી નીચે ઉતરતાં હતાં ત્યારે અતિ આનંદમાં આવી જઈને જાયન્ટસ ગૃપના પદાધિકારીઓ સામે નાચતાં હોવાનો અનુભવ થયો હતો.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના પ્રમુખશ્રી સાંકાભાઈ જે. પટેલ તથા ઉપપ્રમુખ શ્રી ચંદુભાઈ એચ. પટેલે તિરૂપતિ નેચરલ પાર્કના પ્રવાસનું બાળકોની રૂચિ પ્રમાણેનું ઉત્તમ કક્ષાના પ્રવાસનું આયોજન કરવા માટે સંસ્થાના આચાર્યશ્રી ચાવડાએ આભાર સાથે અભિનંદન પાઠવ્યા હતા એમ અખબારી યાદીમાં પ્રમુખશ્રી સાંકાભાઈ પટેલે જણાવેલ છે.




# શહેરના ટ્રાફિક નિયમન અંગે ટ્રાફિક સિગ્નલો ગોઠવવા શહેર વસાહત મહામંડળની માંગણી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરની દિન-પ્રતિદિન કાયદો- વ્યવસ્થા કથળતી જાય છે. તેના પર કોઈ અંકુશ રહેલ નથી. જેના માટે શહેરનો ગંભીર પ્રાણ પ્રશ્ન બની રહ્યો છે. આ અંગેની વિસ્તૃત ચર્ચા- રજૂઆત માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓએ કલેકટરશ્રી તથા પોલીસ અધિકક્ષકશ્રી સમક્ષ રજૂઆત કરેલ છે.

શહેરની પ્રજા સંપર્ક ધરાવતી જગ્યાઓ જેવા કે એસ.ટી, સ્ટેશન, બેન્કો, હોસ્પિટલો, મોટા સ્ટોર, શો-રૂમ્સ, શાક માર્કેટ વગેરે જગ્યાઓએ સીસી ટી.વી. કેમેરા મુકવામાં આવે તો ગુનાહિત પ્રવૃતિઓ થતી અટકી શકે અને તેની ચકાસણી પણ થઈ શકે.

ગાંધીનગરનો ચાર દાયકા જેટલો સમય થયો હોવા છતાં ટ્રાફિક નિયમન માટે કોઈ પ્રયત્નો થયેલ નથી. શહેરમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. અંદાજે ત્રણેક લાખ વાહનો નોંધાયેલ છે. ટ્રાફિક નિયમનના અભાવે શહેરમાં ૫૦ જેટલા મૃત્યુ નોંધાયા છે. આથી આ બાબતે ગંભીરતાથી આ પ્રશ્ન હલ કરવાની જરૂરીયાત છે. ટ્રાફિક કંટ્રોલ માટે ટ્રાફિક સીગ્નલો લગાવવા માટે સરકારની વિવિધ યોજનામાંથી નાણાં ફાળવવા જરૂરી છે. આ અંગે શ્રી અરૂણભાઈ બુચ, શ્રીમયુરભાઈ વ્યાસ, શ્રી સુધીરભાઈ દેસાઈ, શ્રી કશ્યપભાઈ મહેતા, શ્રી કાલુભાઈ દેસાઈ વગેરે રજૂઆત કરેલ છે.

## સંત સરોવર પૂર્ણ કરવા જાગૃત નાગરિક પરિષદની ચિમકી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના પાદરે સાબરમતી નદી ઉપર સંત સરોવર છેલ્લા સાતેક વર્ષથી કામ અટવાઈ રહેલ છે. જેનું ખાત મુહુર્ત થયે સાત વર્ષ થયેલ છે. પરંતુ અસ્તિત્વમાં આવતું નથી. આથી આ માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે સિંચાઈ વિભાગ સમક્ષ કેટલીક માહિતી માંગેલ છે. જેમાં સરોવરનો નાણાંકીય અંદાજ કેટલો હતો. કેટલો નાણાંકીય ખર્ચ થયો. હાલમાં કયા તબક્કે આ યોજના છે. ક્યારે પૂર્ણ થવાની શક્યતા છે. શ્રી લવજીભાઈ વાડીઆ પ્રમુખ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે માંગણી કરેલ છે.

## કડી સર્વ વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૯

એલ.ડી.આર.પી. - આઈ.ટી.આર. ગાંધીનગરમાં મિકેનિકલ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી ધ્રુવિત કાગદી, જૈનિલ ભટ્ટ, તીર્થ જાની, અને કુંજલ જાદવે પ્રૉફેસર શ્રી, તુષાર પટેલ અને ગૌરવ રાઠોડના માર્ગદર્શન નીચે એલ.જી.પી. રેફ્રિજરેટર ડિઝાઈન કર્યું. આ યંત્રને "ગાધીયન યંગ ટૅકનૉલોજીકલ ઍવોર્ડ" અનેયાત કરવામાં આવ્યો હતો.

આ યંત્ર માત્ર રૂા. ૫૦૦૦ રૂપિયાના નજીવા ખર્ચે તૈયાર થાય છે અને એલ.પી.જી. ગેસનો ઉપયોગ ફરીથી થઈ શકે છે.

# દીકરી જ સાચું ઘરેણું છે સુખ-દુખની હમરાઝ છે



'દીકરી એ ઘરનું સાચું ઘરેણું છે, દીકરી એ પોતાના માતા-પિતાના સુખ-દુખની હમરાઝ છે. માતા-પિતાના દુખને એક દીકરા કરતાં દીકરી વધારે સારી રીતે સમજી શકે છે.'

આ શબ્દો છે પ્રાચી નામની એક વ્હાલી દીકરીના માતા-પિતા સ્વાતિબા અને કીર્તિદેવસિંહ રાઓલના. સૅક્ટર-૫ એમાં તેમનો નિવાસ. કીર્તિદેવસિંહ માણસામાં ડેરી ખાતે જૉબ કરે છે અને સ્વાતિબા સૅક્ટર-૫ ખાતે જ કાર્યરત પ્રેરણા વિદ્યાલયનાં આચાર્યા તરીકેની ફરજ સંભાળે છે.

સ્વાતિબાના પિતા આયુર્વેદિક ડૉક્ટર અને અક્ષુણ્ણ પ્રામાણિક, નિષ્ઠાવાન પ્રતિભા. માતા શિક્ષિકા, જેમનો શિક્ષણનો વારસો સ્વાતિબાએ જાળવ્યો અને હાલ તેનું સુપેરે સંવર્ધન કરી રહ્યા છે.

કીર્તિદેવસિંહના પિતા સરકારી કર્મચારી અને માતા ગૃહિણી.

૧૯૯૪માં સ્વાતિબા-કીર્તિદેવસિંહનાં લગ્ન થયાં અને ૧૯૯૫માં ઘેર દીકરીનું અવતરણ થયું. નામ રાખ્યું પ્રાચી. સંગીત અને પ્રવાસ એ પ્રાચીના રસના વિષયો. અલબત્ત, એ ઘરરખ્ખુ બહુ જ. ક્યાંય એકલી જાય નહીં. ગમે ત્યાં બહાર જાય, કાં તો મમ્મી સાથે જોઈએ, કાં તો પપ્પા.

**સંબંધ સજાવે જિંદગી**
**દીકરી વ્હાલનો દરિયો**
- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

હાલ એ ગુરુકુલ, સૅક્ટર-૨૩ ખાતે વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસ કરી રહી છે ને ફિઝીક્સ એનો વિષય છે. આ જ વિષયના રિસર્ચમાં આગળ વધવું એ પ્રાચીની મહત્ત્વાકાંક્ષા છે. ઓછું બોલતી, બહારના લોકો સાથે ઓછું ભળતી અને ભણવામાં તેજસ્વી એવી પ્રાચી સ્વયંશિસ્તની પણ એટલી જ આગ્રહી. સ્કૂલમાં ક્યારેય યુનિફોર્મ વગર ન જાય અને ક્યારેય હોમવર્ક કર્યા વિના ન જાય. એનામાં અત્યારથી જ એક આદર્શ નારીનાં લક્ષણો માતા-પિતા જોઈ રહ્યા છે.

'અમે બંને શરૂઆતથી જ એક બાબતે સંમત હતા કે આપણા ઘરમાં બાળક તો એક જ હશે. એ છોકરો હોય કે છોકરી - આપણી કિસ્મતમાં જે હશે તે આપણે સ્વીકારીશું. અને તેને આપણો સઘળો સ્નેહ તથા સંસ્કાર આપીને ઉછેરીશું,' એવું સ્વાતિબેન જણાવતાં ઉમેરે છે કે, હું સદ્નસીબ છું કે મારા પતિએ મને સંપૂર્ણ સાથ આપ્યો છે. દીકરીને ખૂબ વ્હાલ આપ્યું છે અને મને ક્યારેય દીકરા માટે પૂછ્યું સરખુંય નથી. ઉપરાંત મારા પિતાએ મને હંમેશા એવું શીખવ્યું છે કે દીકરી અને દીકરા વચ્ચે કોઈ ભેદ નથી, બંને વ્હાલાં સંતાનો છે, બંને ભગવાનની ભેટ છે અને બંનેનું મહત્ત્વ સરખું છે.' દીકરી કોને વધારે વ્હાલી ? એવા સવાલના જવાબમાં સ્વાતિબા જણાવે છે કે વ્હાલી તો બંનેને વધારે, પણ વધારે સમય એ મારી સાથે ગાળે છે એટલે શારીરિક રીતે મારી નજીક ગણું ખરી. બાકી મારા પતિને તો દીકરી એટલી વ્હાલી છે કે એની નાનીસરખી તકલીફ પણ તેઓ જોઈ શકતા નથી. પ્રાચી નાની હતી અને ઍને જરૂરી રસી મૂકાવવાની હોય તોય તેઓ દવાખાનાની અંદર ન આવે. મારે જ પ્રાચીને લઈને અંદર જવાનું ને તેને રસી અપાવવાની. થોડા વખત પહેલાં પ્રાચીના પગમાં કાચ વાગ્યો હતો તોય એમણે તો એવું જ કર્યું. દવાખાનાની અંદર ન આવ્યા, મારે પ્રાચીની સાથે ડૉક્ટર પાસે રહીને કરાવવું પડ્યું . આ ગરવા દંપતિનું દીકરી માટેનું વ્હાલ પણ આદર ઉપજાવે તેવું છે. 'અમારું તો દ્રઢપણે માનવું છે કે સંતાન દીકરી હોય કે દીકરો - બંનેનું મહત્ત્વ સરખું છે. માતા-પિતાએ સંતાનોને વ્હાલ, સંસ્કાર અને શિક્ષણ આપીને ઉછેરવાનાં છે, એમને જીવનના દરેક તબક્કા માટે તૈયાર કરવાના છે અને પગ ઉપર ઊભા રહેવા માટે સક્ષમ બનાવવાના છે. અમે પણ અમારી દીકરીને અમારા સંસ્કારો અને વ્હાલનો વારસો આપ્યો છે અને અમને વિશ્વાસ છે કે અમારી દીકરી એ વારસાનું ન માત્ર જતન કરશે પણ એનું સંવર્ધન કરી એની સુવાસને દુનિયામાં પણ ફેલાવશે.'

# છાલામાં કોમી એખલાસનું અનોખું ઉદાહરણ

## હિન્દુ પદયાત્રીની મદદે મુસ્લીમ કુરેશી દંપતી પરિવાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના છાલાના મકબૂલ હુશેન રસુલમિયા કુરેશીએ કોમી એકતા અને માનવતાનું ઉમદા કાર્ય સાથે જવલંત ઉદાહરણ પૂરું પાડેલ છે.

સમગ્ર હકીકત એવી છે કે ગાંધીનગરથી તા. ૫ મી એપ્રિલના રોજ અમરેલી જિલ્લાના વતની કથિરીયા સંગીતા, કથિરીયા દિપક, કિકાણી સેજલ અને રમીલાબેન ચૌધરી, શ્રી જયંતિભાઈ પટેલની આગેવાની હેઠળ પગપાળા તુળજીભવાની મંદિર પાટના કુવા દર્શન કરવા રાત્રે નીકળ્યા હતા. રાત્રે ૧૨ કલાકે પદયાત્રી સંગીતા કથિરીયાના ચંપલ તૂટી ગયું. પરિણામે પગપાળા સવારે તુળજી ધામે આરતી સમયે પહોંચવાનું કઠીન હતું.

પરંતુ રાત્રે ૧૨વાગે શ્રી જયંતિભાઈ પટેલે છાલા ગામના તેમના મિત્ર મુકબુલ હુશેન કુરેશીને મોબાઈલથી આખીય ઘટનાની જાણ કરી હતી. ક્ષણનો પણ વિચાર કર્યા વગર રાત્રે છાલામાંથી ચંપલની દુકાન ખોલાવીને નવીન ચંપલ અને ઠંડાપાણીની બોટલો લઈને કુરેશી દંપતી યાત્રીઓના પડાવે પહોંચી ગયા. ચંપલ આપીને ઠંડા પાણી આપીને અંબાજી માતાના મંદિરે ચા-નાસ્તો કરાવ્યો. આમ, રાત્રે નવા ચંપલ મળવા તે માતાજીની શ્રધ્ધાએ પહોંચાડ્યા તેમ માનવું રહ્યું.

હુસેન દંપતીને સંગીતાએ ચંપલના પૈસા આપવા પ્રયત્ન કર્યો તો તેઓએ ના લીધા. તેઓએ માનવતાનો ધર્મ બજાવ્યો છે. આ સાંભળીને સૌના ચહેરા પર આનંદની ખુશી પ્રસરી ગઈ. સાચેજ ધર્મને કે માનવતાને કોઈ બંધન નડતા નથી. છાલાના કુરેશી પરિવારને ખૂબખૂબ અભિનંદન.

# ૨૯ એપ્રિલે સમસ્ત બ્રહ્મસમાજ આયોજિત સમૂહલગ્ન - યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા. ૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૯મી એપ્રિલ રવિવાર વૈશાખ વદ આઠમના રોજ પ્રથમ સમુહ યજ્ઞોપવિત અને સમુહલગ્નનું ગાંધીનગર મુકામે આયોજન કરવામાં આવેલ છે. વિદ્વાન આચાર્ય શ્રીના આચાર્યપદે આ કાર્યક્રમ યોજાશે.

તા. ૨૭મી એપ્રિલ રાત્રે સંગીત સંધ્યા, તા. ૨૮ એપ્રિલની રાત્રે ભવ્ય મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ ગરબા, તા. ૨૯મી એપ્રિલના રોજ વિદ્વાન બ્રાહ્મણો સુંદર શ્લોકોનું પઠન દ્વારા બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાવશે. વર-વધુને સંપૂર્ણ સપ્તપદી વિધિ સર લગ્ન ગ્રંથિથી જોડાશે. વરરાજાનો વરઘોડો, યજ્ઞોપવિત બાદ બટુકોની કાશી યાત્રા, આતશબાજીથી કાઢવાનું આયોજન કરેલ છે. દાતાઓને આ પ્રસંગે સન્માનવામાં આવશે.

આ યજ્ઞોપવિતમાં બટુકોને આશીરવચન પાઠવવા ગોંડલ ભુવનીવટી પીઠના આચાર્યશ્રી પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮શ્રી વિશ્વંભર ભારતીજી મહારાજ પધારશે. સમુહલગ્ન- યજ્ઞોપવિત જોડાવા માટે છેલ્લી તારીખ ૧૫મી એપ્રિલ છે. તેમ સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખશ્રી પિનાકીન રાવલે જણાવેલ છે.

## ઉત્તમ શિક્ષકો માટે વિવિધ વિષયના વર્ગો શરૂ થશે

ગાંધીનગર, તા. ૯

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન રાજ્ય સરકાર દ્વારા શિક્ષણે તૈયાર કરવા સારૂ તાજેતરમાં સ્થાપવામાં આવેલી આ યુનિવર્સિટી તા. ૧૫મી એપ્રિલથી ટુંકી મુદતના પ્રમાણપત્ર અભ્યાસક્રમો કોમ્યુનિકેશન સ્કીલ ઈન ઈંગ્લીશ, આઈસીટી સ્કીલ એન્ડ લીડરશીપ સ્કીલ શરૂ કરવામાં આવ્યા છે. ધો.૧૨ તથા સ્નાતક થયા પછી આ અભ્યાસક્રમમાં આયુ મર્યાદાનો બાદ રાખવામાં આવ્યો નથી. પ્રવેશ માટે માલુમ અંગે અનેરી નિહલાટી ૯૯૭૮૪૦૭૭૫૯ નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# તિજોરી કચેરીને વિશાળ જગ્યા ફાળવવા વસાહત મંડળની રજૂઆત

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા તિજોરીની કચેરી હાલમાં બહુમાળી મકાનના ભોયતળિયે કામ કરી રહેલ છે. તેમાં પેન્શન અંગેની કામગીરી પણ આ કચેરી સંભાળે છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૭૦૦૦ જેટલા પેન્શનર્સ પેન્શન મેળવે છે. તેથી પેન્શનમાં માહિતીનું આદાન-પ્રદાન કરવા માટે જિલ્લા તિજોરી પેન્શન વિભાગમાં જવાનું થતું હોય છે. હાલમાં તિજોરી કચેરીની જગ્યા ઘણી જ સાંકડીને ઓછી છે. જે માટે કલેકટર કચેરીનું સ્થળાંતર થતાં જે જગ્યા ખાલી પડેલ છે. તેમાંથી તિજોરી કચેરીને વધુ જગ્યા ફાળવવા માટે રજૂઆત કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બૂચ, મયુરભાઈ વ્યાસ, શ્રી સુધીરભાઈ દેસાઈ, શ્રી સી.પી. સોની, શ્રી કિશોર જીકાદરા વગેરે કલેકટરની સમક્ષ લેખિત રજૂઆત કરી છે. તાત્કાલિક તિજોરી કચેરીને વિશાળ જમીન ફાળવી આપવા માંગણી કરેલ છે.

### ગરીબ કલ્યાણ મેળામાં સૌ પ્રથમવાર

# રાજ્યના મુખ્યમંત્રી વિડિયો કૉન્ફરન્સ દ્વારા લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે

ગાંધીનગર, તા. ૯

સૌનો સાથ.. સૌનો વિકાસના અભિગમને વરેલી રાજય સરકાર દ્વારા દરિદ્રનારાયણના ઘરે સુખની જયોત -જવલિત કરવાના ઉમદા આશયથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. ગરીબ કલ્યાણ મેળા થકી સરકારની વ્યકિતલક્ષી અને સાધન-સહાય યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લાભાર્થીઓને હાથોહાથ આપવામાં આવે છે. દર વર્ષની જેમ વર્ષ-૨૦૧૨ના ગરીબ કલ્યાણ મેળાઓનું આરોગ્ય, આવાસ, ઉદ્યોગ, સમાજ કલ્યાણ, શિક્ષણ, પશુપાલન, બાગાયત, વીજળી, વન વિભાગ અને મહિલા અને બાળ કલ્યાણ વગેરે તમામ વિભાગની યોજનાઓનો લાભ મહત્તામ લાભાર્થીઓ સુધી પહોંચાડવા સઘન કામગીરી કરવા જણાવ્યું હતું. છેલ્લે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓના લાભાર્થીઓની સંખ્યા કરતા તમામ તાલુકાઓમાં લાભાર્થીઓની સંખ્યા વધે તેવા -યત્નો કરવા સંબંધિત અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો.



આયોજન રાજય સરકાર દ્વારા એ-િલ માસ દરમ્યાન કરવામાં આવ્યું છે.આ ગરીબ કલ્યાણ મેળાઓમાં સૌ -થમ વાર રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિડિયો કોન્ફરન્સ દ્વારા ગરીબ કલ્યાણ મેળામાં ઉપસથિત લાભાર્થીઓની સાથે સીધો સંવાદ કરશે. ગાંધીનગર જિલ્લામાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા -ભારી સચિવ શ્રી સી.એલ.મીનાના અઘ્યક્ષ સ્થાને એક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા -ભારી સચિવ શ્રી સી.એલ.મીનાએ વઘુમાં વઘુ લાભાર્થીઓને વિવિઘ યોજનાઓ હેઠળ આવરી લઈ, મહત્તામ લાભ આપવાની બાબતે વિશેષ તકેદારી રાખવા અધિકારીઓને સૂચના આપી હતી. અગાઉ જેમને લાભ નથી મળ્યા અને લાભપાત્ર તમામ લાભાર્થીઓને વિવિઘ યોજનાઓ હેઠળ આવરી લઈ, તેમની વ્યવસથિત યાદી તૈયાર કરવા સૂચવ્યું હતું. એક પણ લાભાર્થી બાકાત ન રહેવો જોઈએ.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે ગરીબ કલ્યાણ મેળાના આયોજનમાં શું શું તકેદારી રાખવાની છે. તેની વિસ્તૃત માહિતી આપી લાભાર્થીઓના ૧૦૦ ટકા લક્ષ્યાંક સિઘ્ઘ કરવા સૂચના આપી હતી. જે અંતર્ગત જિલ્લાનો -થમ ગરીબ કલ્યાણ મેળો તા.૧૨મી એ-િલ-૨૦૧૨ના રોજ -ેક્ષા ભારતી, કોબા ખાતે યોજાશે. તે પછી તા. ૧૩મી એ-િલ-૨૦૧૨ના રોજ માણસા તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માણસા ખાતે તા. ૧૪મી એ-િલ-૨૦૧૨ના રોજ દહેગામ તાલુકામાં જય યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ, અને તા. ૧૯મી એ-િલ-૨૦૧૨ના રોજ કલોલ તાલુકામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે ગરીબ કલ્યાણ મેળા યોજાશે.

ગરીબ કલ્યાણ મેળાની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, જિલ્લા પોલીસ વડા શ્રી અર્ચના શિવહરે, મ્યુનિસિપલ કમિશનર શ્રી સી.આર. ખરસાણ, અધિક નિવાસી કલેકટર શ્રી ડી.બી. મહેતા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.